सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૨૬/૧૧/૨૦૧૯. |
| કેસ દાખલ તારીખ | : | ૨૬/૧૧/૨૦૧૯. |
| કેસ નિકાલ તારીખ | : | ૨૩/૦૩/૨૦૨૬. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૬ – ૦૩ – ૨૫ |
| આંક | : | |

## FORM - A

# મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**સેશન્સ કેસ નંબર : ૩૯/૨૦૧૯.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | બારડોલી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફર્સ્ટ ગુના રજી. નંબર : ૬૧/૨૦૧૯. |
| **આક્ષેપિત ગુનાઓ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) કાંતુ ઉર્ફે કાંતીલાલ બાલુભાઇ રાઠોડ.<br>(૨) શીલાબેન કાંતુ ઉર્ફે કાંતીલાલ રાઠોડ. |
| **આરોપીઓ તરફે વિદ્વાન વકીલ** | શ્રી એસ. સી. પટેલ. |

## FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | **:** | તારીખ : ૨૨/૦૫/૨૦૧૯ ના દોઢેક વર્ષ પહેલાથી. |

| | | |
|---|---|---|
| **ફરિયાદની તારીખ** | **:** | ૨૨/૦૫/૨૦૧૯. |
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૧૯/૦૮/૨૦૧૯. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૦૨/૦૩/૨૦૨૨. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૦૯/૧૦/૨૦૧૮. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૦૭/૦૩/૨૦૨૬. |
| **ચુકાદાની તારીખ** | **:** | ૨૩/૦૩/૨૦૨૬. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## –:: આરોપીઓની વિગત ::–

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | **:** | કાંતુ ઉર્ફે કાંતીલાલ બાલુભાઈ રાઠોડ, રહેવાસી : નિશાળ ફળીયું, કુવાડીયા ગામ, તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૧૧/૦૬/૨૦૧૯. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૫/૦૭/૨૦૧૯. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૨૫ દિવસ. |

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | **:** | શીલાબેન કાંતુ ઉર્ફે કાંતીલાલ રાઠોડ, રહેવાસી : નિશાળ ફળીયું, કુવાડીયા ગામ, તાલુકો : બારડોલી, જીલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૧૭/૦૭/૨૦૧૯. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૧૭/૦૭/૨૦૧૯. (આગોતરા જામીન) |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ ઠરાવી છોડી મૂક્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૦૦ દિવસ. |

## <u>FORM - C</u>

### ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| **ક્રમ** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| (૧) | ભોગ બનનાર. | ફરિયાદી | ૧૩ |
| (૨) | ભોગ બનનારના કાકા. | પંચ સાહેદ | ૧૭ |
| (૩) | ભોગ બનનારના પિતા. | સાહેદ | ૧૯ |
| (૪) | ભોગ બનનારના માતા. | સાહેદ | ૨૦ |
| (૫) | ભોગ બનનારના કાકા. | સાહેદ | ૨૩ |
| (૬) | ભોગ બનનારના કાકા. | સાહેદ | ૨૪ |
| (૭) | ભોગ બનનારના કાકી. | સાહેદ | ૨૫ |
| (૮) | ભોગ બનનારના કાકી. | સાહેદ | ૨૬ |

| | | | |
|---|---|---|---|
| (૯) | ભોગ બનનારના બહેન. | સાહેદ | ૨૭ |
| (૧૦) | ભોગ બનનારના બહેન. | સાહેદ | ૨૮ |
| (૧૧) | હરેશભાઇ બાલુભાઇ રાઠોડ. | સાહેદ | ૨૯ |
| (૧૨) | જીતુભાઇ દલુભાઇ રાઠોડ. | સાહેદ | ૩૦ |
| (૧૩) | કિર્તીદિવ ભાણાભાઇ રાઠોડ. | સાહેદ | ૩૧ |
| (૧૪) | રંજનબેન પ્રકાશભાઇ નાયકા. | સાહેદ | ૩૩ |
| (૧૫) | ડૉ. ભાવેશભાઇ ઉત્તમભાઇ પટેલ. | તબીબી સાહેદ | ૩૪ |
| (૧૬) | કિરણભાઇ ઘલાભાઇ બામણીયા. | પોલિસ સાહેદ | ૩૭ |
| (૧૭) | ભરતકુમાર કિશોરભાઇ પટેલ. | તપાસનીશ અધિકારી | ૪૩ |
| (૧૮) | નયન સુરેશભાઇ ચૌહાણ. | તપાસનીશ અધિકારી | ૪૯ |

**ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–**

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૧૫ |
| (૨) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૮ |
| (૩) | ભોગ બનનારની મેડિકલ તપાસ અંગેની પોલિસ યાદી. | ૩૫ |
| (૪) | ભોગ બનનારની મેડિકલ તપાસનો રિપોર્ટ. | ૩૬ |
| (૫) | સૂચિપત્ર. | ૩૮ |
| (૬) | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ. | ૩૯ |
| (૭) | મયુર રાઠોડનું આઇડેન્ટીફીકેશન ફોર્મ ફોર ડી.એન.એ. પ્રોફાઇલીંગ. | ૪૪ |
| (૮) | ભોગ બનનારનું આઇડેન્ટીફીકેશન ફોર્મ ફોર ડી.એન.એ. પ્રોફાઇલીંગ. | ૪૫ |
| (૯) | મયુર રાઠોડનું આઇડેન્ટીફીકેશન ફોર્મ ફોર ડી.એન.એ. પ્રોફાઇલીંગ. | |
| (૧૦) | ભોગ બનનારના બાળકનું આઇડેન્ટીફીકેશન ફોર્મ ફોર ડી.એન.એ. પ્રોફાઇલીંગ. | ૪૬ |
| (૧૧) | રવાનગી નોંધ. | ૪૭ |

| | | |
|---|---|---|
| (૧૨) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર. | ૫૦ |
| (૧૩) | એફ.એસ.એલ.નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ. | ૫૧ |
| (૧૪) | એફ.એસ.એલ.ની મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ. | ૫૨ |
| (૧૫) | આરોપી મયુર રાઠોડના મરણનો દાખલો. | ૫૩ |

## –:: ચુકાદો ::–

(૧) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબના ગુનાઓનો આક્ષેપ છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એ મુજબની છે કે, સદર કામે મરણ ગયેલ આરોપી મયુર કાંતુ ઉર્ફે કાંતિલાલ રાઠોડનાઓ આ કામના આરોપીઓના પુત્ર થતા હતા. મરણ ગયેલ આરોપી મયુરનાઓએ દોઢેક વર્ષ પહેલા સને : ૨૦૧૮ ના ઓગષ્ટ માસ દરમ્યાન મોજે : કુવાડીયા ગામ ખાતે પોતાના ઘરમાં તથા આ કામના ફરિયાદી/ભોગ બનનારના ઘરમાં ફરિયાદી સાથે લોભામણી વાતો કરેલ, પોતાનો બદ્ઈરાદો પાર પાડવા માટે ફરિયાદી જોડે વાતો કરેલ અને ધીરે ધીરે મરણ ગયેલ આરોપી મયુર રાઠોડે ફરિયાદીને વિશ્વાસમાં લઈ લગ્ન કરવા માટે લલચાવી, ફોસલાવી, ભરોસો જીતી અવારનવાર શરીરસંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ અને ગર્ભાવસ્થા દરમ્યાન ફરિયાદી/ભોગ બનનાર આરોપીઓના ઘરે હતી ત્યારે પણ મરણ ગયેલ આરોપી મયુરનાઓએ ફરિયાદી સાથે શરીરસંબંધ બાંધેલ, જેના થકી ફરિયાદીએ એક પુત્રને જન્મ આપેલ, જે વાત આ કામના આરોપીઓ સારી રીતે જાણતાં હોવા છતાં આરોપીઓએ પોતાના પુત્ર મયુરનો પક્ષ લીધેલ અને આરોપીઓએ પોતાના પુત્ર મયુરના મેળાપીપણામાં રહી ફરિયાદી સાથે મરણ ગયેલ આરોપી મયુરના લગ્ન કરાવવાની ના પાડી ફરિયાદીને બાળક સાથે તરછોડી દીધેલ અને ફરિયાદી/ભોગ બનનાર તથા તેણીના પુત્રનો સ્વીકાર કરેલ નહીં. આ બનાવ અંગે ફરિયાદીએ બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં બારડોલી પોલિસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નંબર : ૬૧/૨૦૧૯ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબના ગુનાઓનું ચાર્જશીટ બારડોલીના વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં દાખલ કરેલ, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૦૭૭/૨૦૧૯ થી નોંધાયેલ.

(૪) ત્યાર બાદ બારડોલીના વિ. મેજીસ્ટ્રેટશ્રી દ્વારા આરોપીઓ વિરૂદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૯ ની જોગવાઇ અન્વયે આરોપીઓ સામેનો ફોજદારી કેસ અત્રેની એડીશ્નલ સેશન્સ કોર્ટ, બારડોલી તરફ કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નંબર : ૩૯/૨૦૧૯ આપવામાં આવેલ.

(૫) આ કામના આરોપીઓ સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીઓ મુદતે કોર્ટમાં હાજર રહેતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૪ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૫ અને આંક : ૬ થી જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૬) અત્રે એ હકીકત નોંધવી આવશ્યક છે કે, આ કામના આરોપી મયુર રાઠોડનાઓ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું તે પહેલા મરણ ગયેલ હોવાથી આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ.

(૭) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૮) હાલના કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રીએ આંક : ૫૪ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં આ કામના આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની

વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાની આક્ષેપિત હકીકતોનો ઇન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓએ ગુજરી જનાર મયુરને ફરિયાદી સાથએ શરીરસંબંધ બાંધવા માટે મદદગારી કરેલ નથી, જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવો જોઇએ.

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની તથા આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એસ. સી. પટેલની દલીલો સાંભળી.

(૧૦) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, રજૂ થયેલ પુરાવાઓથી એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના આરોપીઓના પુત્ર મયુરે ફરિયાદીને લલચાવી, ફોસલાવી અવારનવાર શરીરસંબંધ બાંધેલ, જેના કારણે ફરિયાદીને ગર્ભ રહી જવા પામેલ. ભોગ બનનારે ફરિયાદ હકીકતોનો પોતાના પુરાવાથી સંપૂર્ણ સમર્થન આપેલ છે. રેકર્ડ ઉપર એ હકીકત આવે છે કે, આ કામના આરોપીઓએ ફરિયાદીના લગ્ન મયુર સાથે કરાવેલા નહીં. આરોપીઓ ફરિયાદીને જણાવતાં કે, મયુર જેમ કહે તેમ તેણીએ કરવાનું. ફરિયાદીએ પુત્રને જન્મ આપ્યા બાદ આરોપીઓ ફરિયાદીને લઇ ગયેલા નહીં અને બાળક મયુરનું નથી તેવો આક્ષેપ કરવામાં આવતાં મહિલા મંડળમાં ફરિયાદ કરવામાં આવેલ, જયાં આરોપીઓએ ગાળાગાળી કરેલી. આરોપીઓ ભોગ બનનારને લઇ જવા તૈયાર ન હતા અને તેણીને સ્વીકારવા તૈયાર ન હતા. ડી.એન.એ. રિપોર્ટ કઢાવવાનું નકકી થયેલ, પરંતુ ડી.એન.એ. રિપોર્ટ આવે તો પણ આરોપીઓ ફરિયાદીને લઇ જવા માંગતા ન હતા. રેકર્ડ ઉપર એ હકીકત પણ આવેલ છે કે, આ કામના આરોપીઓએ ભોગ બનનારના અને મયુરના લગ્ન થવા દીધેલા નહીં. આમ, ફરિયાદપક્ષ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કામના આરોપીઓ તરફે વિ. વકીલ શ્રી એસ. સી. પટેલની રજૂઆત છે કે, આ કામના આરોપીઓના પુત્ર મયુરે ભોગ બનનાર સાથે લગ્ન કર્યા વિના અવારનવાર શરીરસંભોગ કરતાં ફરિયાદી ગર્ભવતી

થયેલ હોવાની હકીકત અંગે કોઇ તકરાર નથી. સાહેદોના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનારને ગર્ભ રહેલ ત્યારે તેણી ત્રણ માસ જેટલો સમય આરોપીઓના ઘરે રહેલ. આ ત્રણ માસના સમયગાળા દરમ્યાન આરોપીઓએ ફરિયાદીને મ્હેણાં ટોણાં મારી માનસિત્ર ત્રાસ આપ્યો હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. ખુદ ફરિયાદી પોતાના પુરાવામાં જણાવે છે કે, તેણી આરોપીઓના ઘરે પોતાની મરજીથી સ્વેચ્છાએ રહેવા ગયેલ અને ત્રણ માસ ત્યાં રહેલ. તે સમયે આરોપીઓએ ભોગ બનનારને સ્વીકારવાની ના પાડેલ હોય તેવું જણાઇ આવતું નથી. બાળક પોતાનું નથી તેવું આરોપી મયુરે ભોગ બનનારને જણાવેલ. રેકર્ડ ઉપર એ હકીકત પણ આવે છે કે, ડી.એન.એ. રિપોર્ટ આવ્યા બાદ બાળક મયુરનું હશે તો આરોપીઓ ડિલીવરીનો ખર્ચ ભોગવશે તથા બાળકને અપનાવી લેશે. ભોગ બનનારના પુરાવામાં એ હકીકત સ્પષ્ટપણે આવે છે કે, બાળકના જન્મ પહેલા તેણી મયુરને ત્યાં રહેવા ગયેલ ત્યારે આરોપીઓએ તેણીને કોઇ ધમકી આપેલ નહીં. ભોગ બનનાર મયુર સાથે અલગ રૂમમાં સૂતા હતે તેની આરોપીઓને જાણ હતી અને તે માટે સંમતિ પણ હતી. રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ ભોગ બનનારને તથા તેણીના બાળકને તરછોડી દઇ તેઓને સ્વીકાર નહીં કરી આક્ષેપિત ગુનાઓ કરેલ હોવાનું પૂરવાર થતું નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા જોઇએ.

(૧૨) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, આરોપીઓના મરણ ગયેલ પુત્ર મયુરનાઓએ સને : ૨૦૧૮ ના ઓગષ્ટ માસ દરમ્યાન કુવાડીયા ખાતે પોતાના ઘરમાં તથા ફરિયાદી/ભોગ બનનારના ઘરમાં ફરિયાદી સાથે લોભામણી વાતો કરી, તેણીને વિશ્વાસમાં લઇ લલચાવી,

ફોસલાવી, અવારનવાર શરીરસંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ અને ગર્ભાવસ્થા દરમ્યાન પણ ફરિયાદી સાથે શરીરસંબંધ બાંધેલ, જેના થકી ફરિયાદીએ એક પુત્રને જન્મ આપેલ, જે હકીકત આરોપીઓ સારી રીતે જાણતાં હોવા છતાં આરોપીઓએ પોતાના પુત્ર મયુરનો પક્ષ લઈ તેના મેળાપીપણામાં ફરિયાદી સાથે મરણ ગયેલ આરોપી મયુરના લગ્ન કરાવવાની ના પાડી ફરિયાદીને બાળક સાથે તરછોડી દઈ અને ફરિયાદી/ભોગ બનનાર તથા તેણીના પુત્રનો સ્વીકાર નહીં કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૨) શું હુકમ?

(૧૩) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**મુદ્દા નંબર – ૧ :–**

(૧૪) હાલના કેસના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબના ગુનાઓનો આક્ષેપ છે. આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરવા ફરિયાદપક્ષ તરફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. સદર પુરાવાઓનું મૂલ્યાંકન કરી નકકી કરવાનું રહે કે, અરજદારોએ આક્ષેપિત ગુનાઓ કરેલા છે કે કેમ.

(૧૫) સામાન્ય રીતે બળાત્કાર અને શારીરિક જાતિય સતામણીના આક્ષેપો એવી જગ્યાએ હોય, જયાં સામાન્ય રીતે કોઈ નજરે જોનાર સાહેદ હોવાની અપેક્ષા રાખી શકાય નહીં, તેવા સંજોગોમાં ભોગ બનનારનો પુરાવો

અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો હોવો જોઇએ. જો આવો પુરાવો પણ અદાલતનો વિશ્વાસ પ્રેરે તેવો ન હોય અને પુરાવામાં મહત્વનો વિરોધાભાસ કે વિસંગતતા ઊપસ્થિત થતી હોય, તો તેવા સંજોગોમાં આરોપીને આવી મહત્વની વિસંગતતા અને વિરોધાભાસનો લાભ મળવાપાત્ર થાય છે.

(૧૬) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ અને હવે ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૩૯ વંચાણે લેતાં પણ કોઈ કેસ સાબિત કરવા માટે સાક્ષીઓની સંખ્યા મહત્વની નથી, પરંતુ ગુણવત્તાના વધારે મહત્વપૂર્ણ છે. વધુમાં ભોગ બનનારના એકમાત્ર પુરાવા ઉપર આધાર રાખીને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય, એટલે તેમનો પુરાવો વિશ્વસનીય હોવો જોઇએ. તેણીના પુરાવાને કોઇ પણ સાહેદના પુરાવાથી સમર્થન મળે તે દરેક કિસ્સામાં જરૂરી નથી.

(૧૭) સદર કેસમાં ફરિયાદપક્ષ તરફથી કુલ ૧૮ સાહેદોનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ છે તેમજ કુલ ૧૫ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે. સદર કામમાં ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલા, આ સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટના રાય સંદીપ વિરૂદ્ધ સ્ટેટ (એન.સી.ટી. દિલ્હી), (૨૦૧૨) ૮ એસ.સી.સી., ૨૧ ના ચુકાદાના પેરા નંબર : ૧૫ માં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે.

> "15. In our considered opinion, the ''sterling witness'' should be of a very high quality and caliber whose version should, therefore, be unassailable. The Court considering the version of such witness should be in a position to accept it for its face value without any hesitation. To test the quality of such a witness, the status of the witness would be immaterial and what would be relevant is the truthfulness of the statement made by such a witness. What would be more relevant would be the consistency of the statement right from the starting point till the end, namely, at the time when the witness makes the initial statement and ultimately before the Court. It should be natural and consistent with the case of the prosecution qua the accused. There should not be any prevarication in the version of such a witness. The witness should be in a

position to withstand the cross−examination of any length and strenuous it may be and under no circumstance should give room for any doubt as to the factum of the occurrence, the persons involved, as well as, the sequence of it. Such a version should have co−relation with each and everyone of other supporting material such as the recoveries made, the weapons used, the manner of offence committed, the scientific evidence and the expert opinion. The said version should consistently match with the version of every other witness. It can even be stated that it should be akin to the test applied in the case of circumstantial evidence where there should not be any missing link in the chain of circumstances to hold the accused guilty of the offence alleged against him. Only if the version of such a witness qualifies the above test as well as all other similar such tests to be applied, it can be held that such a witness can be called as a ''sterling witness'' whose version can be accepted by the Court without any corroboration and based on which the guilty can be punished. To be more precise, the version of the said witness on the core spectrum of the crime should remain intact while all other attendant materials, namely, oral, documentary and material objects should match the said version in material particulars in order to enable the Court trying the offence to rely on the core version to sieve the other supporting materials for holding the offender guilty of the charge alleged."

(૧૭.૧) આમ, ઉપરોકત નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો જોતાં એવું જણાઈ આવે છે કે, કોઈ પણ સાક્ષીને સ્ટર્લિંગ વિટનેસ ગણવામાં આવે ત્યારે તે ઉચ્ચ ગુણવત્તાવાળો, સ્પષ્ટ અને વિશ્વસનીય હોવો જરૂરી છે. સાક્ષ્યનું વર્ઝન સ્થિર અને સમંજસ અને કોઈ રીતે ચિંતાને લાયક ન હોવું જોઈએ. આ ઊપરાંત, તે પુરાવો અગાઉથી અંત સુધી સુરક્ષિત હોવો જોઈએ અને તેના મૂળ રૂપમાં કોઈ ફેરફાર ન કરી શકે, જેથી તેના આધારે આરોપીને સંપૂર્ણપણે દોષિત ઠેરવવાની શક્યતા બને.

(૧૮) સૌ પ્રથમ એ હકીકત નોંધવી આવશ્યક છે કે, આ કામની ફરિયાદ આ કામના આરોપીઓ કાંતુ ઉર્ફે કાંતિલાલ બાલુભાઈ રાઠોડ, શીલાબેન કાંતુ ઉર્ફે કાંતિલાલ રાઠોડ તથા તેઓના પુત્ર મયુર કાંતુ ઉર્ફે

કાંતિલાલ રાઠોડનાઓ વિરૂદ્ધ નોંધાયેલ. સદર ગુનાના કામે ચાર્જશીટ દાખલ થાય તે પહેલા આરોપી મયુર રાઠોડનાઓ મરણ પામેલા, જેથી આ કામના આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં આરોપી મયુર રાઠોડનાઓ અવસાન પામેલ હોવાથી તેઓ વિરૂદ્ધના આક્ષેપોની વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી અને આ કામના આરોપીઓ સામે જે આક્ષેપો છે તે અંગે જ પુરાવાઓનું વિસ્તૃત મૂલ્યાંકન કરવામાં આવેલ છે. સાહેદોના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સાથે શરીરસંભોગ કરેલ, જેના કારણે ભોગ બનનાર ગર્ભવતી બનેલા અને તેણીએ એક પુત્રને જન્મ આપેલો. સદર હકીકત અંગે બચાવપક્ષ તરફે કોઈ તકરાર ઊપસ્થિત કરવામાં આવેલ નથી.

(૧૯) ફરિયાદપક્ષના કેસ મુજબ મૃતક મયુરનો ભોગ બનનાર સાથે પ્રેમસંબંધ હતો અને બંને એકબીજાને મળતા હતા, જેના કારણે ભોગ બનનાર ગર્ભવતી થયેલ. આરોપી મયુર અને ભોગ બનનારના પરિવારના સભ્યોએ ભેગા મળીને સમજૂતિ કરેલ કે, ભોગ બનનારની પ્રસૂતિ થયા બાદ જન્મનાર બાળકનું ડી.એન.એ. અને આરોપી મયુરના ડી.એન.એ. સાથે મેચ થાય તો ભોગ બનનારના આરોપી મયુર સાથે લગ્ન કરાવવામાં આવશે. આરોપી મયુર હાલના કેસમાં ચાર્જશીટ દાખલ થતાં પહેલા મૃત્યુ પામેલ, જેથી હાલનો કેસ તેમના માતાપિતા વિરૂદ્ધ ચલાવવામાં આવેલ છે.

(૨૦) ભોગ બનનારનો આંક : ૧૩ નો પુરાવો જોઈએ તો, ભોગ બનનાર ધોરણ-૧૦ માં નાપાસ થતાં તેઓએ અભ્યાસ છોડી દીધેલો અને ત્યાર બાદ તેઓ ઘરકામ કરતા હતા. આરોપી મયુરભાઈ તેઓ સાથે શાળામાં અભ્યાસ કરતા હતા અને તેઓના જ ગામમાં અન્ય ફળીયામાં રહેતા હતા. ભોગ બનનારે સ્કૂલ છોડી દીધા બાદ આરોપીએ તેણી સાથે લગ્ન કરવા માંગતા હોવાનું જણાવેલ. આરોપી મયુરભાઈએ બોગ બનનારને લગ્ન કરવા માટે લાલચ આપેલ, ભોગ બનનારના ઘરે અવારનવાર જતાં હતા અને ભોગ બનનારને ના પાડવા છતાં આરોપી મયુરે ભોગ બનનાર સાથે શરીરસંબંધ બાંધેલ, જેના કારણે ભોગ બનનાર ગર્ભવતી બનેલા. ભોગ બનનારના પુરાવામાં આવે છે કે, આરોપીએ તેણી સાથે ઘણી વખત શરીરસંબંધ બાંધેલ.

ગર્ભ રહી ગયાની વાત માતાપિતાને નહીં કરવા માટે આરોપી મયુરે ભોગ બનનારને જણાવેલ, પણ ભોગ બનનારને પેટમાં દુઃખાવો થતાં તેણીના માતે દવાખાને લઇ ગયેલા, જયાં સોનોગ્રાફી કરાવતાં તેણીના માતાપિતાને ગર્ભ રહી ગયેલ હોવાની જાણ થયેલી. ભોગ બનનાર ગર્ભવતી હતા ત્યારે આરોપીએ જણાવેલ કે, તેમને સારી નોકરી મળી જાય તો તેઓ ભોગ બનનારને લઇ જશે. આરોપી મયુર, આરોપી કાંતિભાઇ, સંબંધી વસંતભાઇ તથા ફળીયાના માણસો ભોગ બનનારને આરોપીઓના ઘરે લઇ ગયેલા, જેમાં ભોગ બનનારના માતાપિતાની સંમતિ હતી અને ભોગ બનનારની પણ ઇચ્છા હતી. ભોગ બનનાર આરોપીઓને ત્યાં ત્રણ માસ સુધી રહેલ, પરંતુ મયુર સાથે તેણીના લગ્ન કરાવેલ નહીં. ભોગ બનનારના પુરાવામાં એ હકીકત પણ આવે છે કે, તેણી ગર્ભવતી હોવા છતાં આરોપી મયુરે તેણી સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ, જે અંગે આરોપીઓને કહેતાં આરોપીઓએ જણાવેલ કે, આરોપી મયુર જે કહે તે તેણીએ કરવાનું. ભોગ બનનારને પ્રસૂતિના પંદર–વીસ દિવસ પહેલા તેણીના પિયર મોકલી આપેલ અને ભોગ બનનારે તારીખ : ૧૯/૦૮/૨૦૧૮ ના રોજ એક પુત્રને જન્મ આપેલ. આરોપી નંબર : ૧ હોસ્પિટલમાં આવેલા અને પછી જતા રહેલા. ત્યાર બાદ કોઇ આવેલ નહીં. ભોગ બનનારની પ્રસૂતિનો ખર્ચ તેણીના માતાપિતાએ કરેલો. ભોગ બનનારના માતાપિતાએ આરોપીઓને તથા આરોપી મયુરને બોલાવવા છતાં તેઓ આવેલા નહીં અને આરોપી મયુરે જણાવેલ કે, આ બાળક તેઓનું નથી. ભોગ બનનારે મહિલા મંડળમાં ફરિયાદ કરેલ તે કામે પણ આરોપીઓએ કોઇ જવાબ આપેલ નહીં. મહિલા મંડળ, પલસાણામાં ફરિયાદ કરતાં આરોપીઓએ આવી ગાળાગાળી કરેલ અને તેણીને લઇ ગયેલા નહીં. ત્યાર બાદ ભોગ બનનારને જાણવા મળેલ કે, તારીખ : ૨૬/૦૩/૨૦૧૯ ના રોજ આરોપી મયુર ગળે ફાંસો ખાઇ મરણ ગયેલ. આરોપી નંબર : ૨ નાઓ ભોગ બનનારને ગાળો આપતા હતા અને આરોપીઓએ ભોગ બનનારને "તું જોઇતી જ નથી." તેમ કહેતા હતા. આમ, આરોપીઓએ ભોગ બનનારને સ્વીકારેલ નહીં, જેથી ભોગ બનનારે આંક : ૧૫ ની ફરિયાદ આપેલી. ભોગ બનનારના પુરાવામાંથી એ હકીકત જણાઇ આવે છે કે, આરોપી મયુરે ભોગ

બનનારની સંમતિ વિના અવારનવાર શરીરસંબંધ બાંધતાં તેણીને ગર્ભ રહી ગયેલ અને તેણીએ પુત્રને જન્મ આપેલ. આરોપીઓ ભોગ બનનારને તેડી ગયેલા નહીં અને ભોગ બનનારને સ્વીકારવાની ના પાડેલી.

(૨૦.૧) ભોગ બનનારની ઊલટતપાસમાંથી એ હકીકત જણાઇ આવે છે કે, આરોપી મયુરે શારીરિક સંબંધની વાત કરેલ તેની ચોકકસ તારીખ, સમય, સ્થળ તેઓએ જણાવેલ નથી. ભોગ બનનારે જણાવેલ છે કે, આરોપી મયુરે બળજબરીથી શરીરસંબંધ બાંધેલ ત્યારે તેણીએ બૂમાબૂમ કરેલી, પરંતુ આવી હકીકત તેઓએ ફરિયાદમાં લખાવેલ નથી. બળજબરીથી શરીરસંબંધ બાંધવામાં આવેલ ત્યારે તેણી પ્રતિકાર કરી શકતી હતી. ભોગ બનનાર સ્વીકારે છે કે, તેણીને આરોપી મયુર સાથે પ્રેમસંબંધ હતો, પણ તેની જાણ તેઓ બંનેના માતાપિતાને ન હતી. આ પ્રેમસંબંધ અને શરીરસંબંધ માટે આરોપીઓએ સંમતિ આપેલ ન હતી અને આરોપીઓને જાણ પણ ન હતી. ભોગ બનનાર જણાવે છે કે, સરભોણ પોલિસ સ્ટેશમાં તેઓ, તેઓના માતાપિતા, આરોપીઓ તથા સંબંધીઓની હાજરીમાં લખાણ થયેલું, જેમાં ડિલીવરી બાદ ડી.એન.એ. કરાવતાં બાળક આરોપી મયુરનું હશે તો ડિલીવરીનો ખર્ચ આરોપીઓ ભોગવશે અને બાળકને અપનાવી લેશે. તારીખ : ૧૯/૦૮/૨૦૧૮ ના રોજ બાળકનો જન્મ થયા પછી આશરે છ મહિના બાદ મયુરભાઇ અવસાન પામેલા, પરંતુ આ સમયગાળા દરમ્યાન ભોગ બનનાર કે તેમના પરિવારવાળાઓએ બાળકનો ડી.એન.એ. ટેસ્ટ કરાવવા માટે કોઇ પ્રયત્નો કરેલ કે કેમ તે જણાઇ આવતું નથી. બાળકના જન્મ પહેલા ભોગ બનનાર આરોપીઓના ઘરે ગયેલ ત્યારે આરોપીઓએ તેણીને કોઇ ધમકી આપેલ નહીં. ભોગ બનનાર અને આરોપી મયુર પાછળના રૂમમાં સૂતા હતા, જયારે આગળના રૂમમાં આ કામના આરોપીઓ સૂતા હતા. ભોગ બનનાર અને આરોપી મયુર સાથે સૂતા હતા તેની જાણ આરોપીઓને હતી અને આરોપીઓની સંમતિ પણ હતી. ભોગ બનનારે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ આરોપીઓના ઘરે સંમતિથી ગયેલા. ભોગ બનનાર આરોપીઓને ત્યાં રહેતા હતા ત્યારે મોબાઇલ ફોન વાપરતા હતા.

(૨૦.૨) આમ, ભોગ બનનારનો પુરાવો જોતાં સરતપાસ અને

ઊલટતપાસની હકીકતો વચ્ચે મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. ભોગ બનનાર ગર્ભવતી થયા બાદ ભોગ બનનાર અને આરોપી મયુર વચ્ચેના પ્રેમસંબંધની જાણ બંનેના માતાપિતાને થયેલી, તે પહેલા આ સંબંધની જાણ તેઓને ન હતી. ભોગ બનનારનો સમગ્ર પુરાવો જોતાં એ હકીકત જણાઇ આવે છે કે, આરોપી મયુર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો. ભોગ બનનારે સરતપાસમાં આરોપી મયુરે બળજબરીથી શરીરસંભોગ કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ઊલટતપાસની હકીકતો ઉપરોકત હકીકત શંકાસ્પદ બની જાય છે. આરોપીએ જયારે શરીરસંભોગ કરેલ ભોગ બનનારે પ્રતિકાર કરેલ નહીં. જો બળજબરીથી શરીરસંભોગ કરવામાં આવે તો સ્ત્રી પ્રતિકાર કરે તે એક માની શકાય તેવી બાબત છે, પરંતુ ભોગ બનનાર ખુદ સ્વીકારે છે કે, તેણીએ કોઇ પ્રતિકાર કરેલો નહીં. બૂમાબૂમ કરેલાનું તેઓ જણાવે છે, પરંતુ આવી મહત્વની હકીકત તેઓએ ફરિયાદમાં લખાવેલ નથી તેમ પણ સ્વીકારેલ છે. ભોગ બનનાર આરોપીઓના ઘરે પોતાની મરજીથી, રાજીખુશીથી રહેવા ગયેલી અને આ સમય દરમ્યાન તેણી ફોન ઉપર સગાવ્હાલાઓ સાથે વાત પણ કરતી હતી, એટલું જ નહીં, પરંતુ ભોગ બનનાર મયુરના ઘરે આરોપીઓની સંમતિથી રહેતા હતા અને આ સમયગાળા દરમ્યાન આરોપીઓએ ભોગ બનનારને કોઇ ધાક ધમકી હોય કે તેઓએ મયુર અને ભોગ બનનારના લગ્ન અંગે કોઇ તકરાર કરી હોય તેમ જણાઇ આવતું નથી. ભોગ બનનાર આરોપીઓના ઘરે રહેવા ગયા બાદ તેણી સાથે કાંઇ ખોટું થયું હોય તેવી કોઇ હકીકત તેઓએ પોતાના માતાપિતાને કે સગાવ્હાલાઓને જણાવી હોય તેમ તેઓના પુરાવામાંથી ફલિત થતું નથી. આ કામના આરોપીઓએ ભોગ બનનારને કોઇ ધમકી આપી હોય તેવું પણ ભોગ બનનારનું કહેવું નથી. ભોગ બનનાર અને આરોપી મયુર સાથે સૂતા હતા તેની જાણ આ કામના આરોપીઓને હતી અને તે માટે આરોપીઓની સંમતિ પણ હતી. ભોગ બનનાર આરોપી મયુરના ઘરે રાજીખુશીથી ગયેલ અને તે દરમ્યાન તેઓ સગાવ્હાલાઓ સાથે ફોન ઉપર વાત પણ કરતી હતી. ભોગ બનનાર ઘરે આવવાથી આરોપીઓ પણ ખુશ હતા. ભોગ બનનાર ખુદ જણાવે છે કે, આરોપીઓ તથા મયુર તેણીને લેવા ઘરે આવેલા અને તેઓ સાથે ગયેલા.

આમ, ભોગ બનનારનો સમગ્ર પુરાવો જોતાં આરોપીઓએ ભોગ બનનાર સાથે આરોપી મયુરના લગ્ન કરાવવાની ના પાડી હોય કે બાળક સાથે તરછોડી દઈ ત્યાગ કરેલ હોય તેવી કોઈ હકીકત ફલિત થતી નથી. ડિલીવરી પહેલા ચેકઅપ દરમ્યાન આરોપી મયુર હાજર હોવાનું ખુદ ભોગ બનનાર જણાવે છે. ડી.એન.એ. બાદ જો બાળક આરોપી મયુરનું હશે તો બાળકને અપનાવી ડિલીવરીનો ખર્ચ ભોગવવા અંગે આરોપીઓએ લખાણ કરેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવે છે. ભોગ બનનારની સરતપાસ અને ઊલટતપાસની હકીકતોમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે, જેથી ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય અને માનવાલાયક જણાતો નથી.

(૨૧) ભોગ બનનારના કાકા કે જેઓ આંક : ૧૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ પણ છે, તેઓનો આંક : ૧૭ નો પુરાવો જોઈએ તો, ભોગ બનનારના પિતાએ ૨૦૧૮ ની સાલમાં આ સાહેદને ફોન કરેલ કે, ભોગ બનનારને પેટમાં દુઃખતું હોવાથી પારસી હોસ્પિટલમાં લઈ જતાં તેણી પ્રેગનન્ટ હોવાનું જણાયેલ અને ગર્ભ અંગે પૂછતાં ભોગ બનનારે આ ગર્ભ તેણીના ગામના મયુર થકી રહેલ હોવાનું જણાવેલ અને ઘરે કોઈ ન હોય ત્યારે આરોપી મયુર ઘરે આવી લાલચ આપી, લગ્ન કરવાની વાત કરી શારીરિક સંબંધ બાંધતો હતો અને ભોગ બનનાર ઈન્કાર કરતાં ત્યારે વડીલોની સંમતિથી કાયદેસર લગ્ન કરી લેશું તેમ શારીરિક સંબંધ બાંધતા તેણીને ગર્ભ રહી ગયેલ. આ સાહેદ જણાવે છે કે, આરોપી મયુરે ગર્ભ પડાવી નાખ્યા બાદ લગ્ન કરવાનું જણાવેલ, પરંતુ ભોગ બનનારે ગર્ભ પડાવવાની ના પાડેલી અને પિતા જે કહેશે તે કરશે તેમ જણાવેલ. આરોપી મયુરે જણાવેલ કે, તેઓ ભોગ બનનારનું ભરણપોષણ કરી શકે તેમ નથી અને નોકરી કરશે ત્યારે લગ્ન કરશે. ત્યાર બાદ બંને પક્ષકારો, ગામના આગેવાનો તથા પંચોએ ભેગા થઈ નિરાકરણ કરેલ અને આરોપી મયુરના પિતાએ ભોગ બનનારને લઈ જવાની તૈયાર બતાવેલી, પણ લગ્ન કરાવેલ નહીં. ભોગ બનનાર આરોપીઓને ત્યાં ત્રણેક માસ રહ્યા બાદ ડિલીવરીનો સમય થતાં તેણીના માતાપિતા પિયરમાં લાવેલા અને ડિલીવરી દરમ્યાન આરોપી કાંતિલાલ હોસ્પિટલ આવેલા, મયુર આવેલ નહીં. ભોગ બનનારે પત્રને જન્મ આપેલ. ભોગ

બનનારને લગ્ન કર્યા વિના આરોપીઓના ઘરે લઇ ગયેલા અને તેણી ગર્ભવતી હોવા છતાં આરોપી મયુરે તેણી સાથે અવારનવાર શરીરસંબંધ બાંધેલ અને ભોગ બનનારે જણાવેલ કે, તેણીની તબિયત સારી નથી અને બાળકને નુકસાન થશે. આરોપીઓને આ જાણ થતાં તેઓએ ભોગ બનનારને જણાવેલ કે, કાંઇ નુકસાન થશે નહીં અને લગ્ન કરવાના હોવાથી મયુર જે કહે તે કરવું પડશે. ભોગ બનનારને હોસ્પિટલમાંથી પિયર લાવેલા ત્યારે આરોપી કાંતિલાલે જણાવેલ કે, જે સંતાન થયેલ છે તે મયુરનું નથી, કારણ કે ભોગ બનનારને ઘણી બધી વ્યક્તિઓ સાથે સંબંધ છે અને મયુરે પણ બાળક પોતાનું નથી તેમ જણાવી લગ્ન કરવાનો ઈન્કાર કરેલ, જેથી સમજ રાહે સમાધાનના પ્રયત્નો કરવામાં આવેલ, પણ આરોપીઓએ સમાધાન માટે ના પાડેલ અને તેના બે–ત્રણ દિવસ બાદ મયુરે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ. આ સાહેદને બનાવ અંગેની કશી માહિતી નથી. તેઓને બનાવની જાણ ભોગ બનનારના પિતાએ કરેલી. ભોગ બનનારને અન્ય વ્યક્તિઓ સાથે સંબંધ હોવાથી આરોપી કાંતિલાલે તે સંતાન મયુરનું ન હોવાનું જણાવેલ. આ અંગે ભોગ બનનાર કશું જણાવતાં નથી. ભોગ બનનારનો પુરાવો જોતાં તેણીને અન્ય વ્યક્તિઓ સાથે સંબંધ હોવાનું આરોપીઓએ કહેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. ભોગ બનનારના પુરવામાં આવે છે કે, મેડિકલ ચેકઅપ દરમ્યાન આરોપી મયુર હોસ્પિટલમાં હાજર રહેલ.

(૨૧.૧) સાહેદે આંક : ૧૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામા અંગે જણાવેલ છે કે, પોલિસ ભોગ બનનારના ઘરે એટલે કે ગુનાવાળી જગ્યાએ પંચનામું કરવા આવતાં ભોગ બનનારે લાકડાની સેટી પલંગ બતાવેલ, જયાં આરોપી મયુરે બળજબરીથી શરીરસંબંધ બાંધેલ. રૂમની ચતુર્દિશા લખવામાં આવેલ. ભોગ બનનારે આરોપીઓનું ઘર પણ બતાવેલ, જયાં લોખંડનો બેડ, લાકડાની સેટી પલંગ હતી ત્યાં આરોપી મયુરે જબરજસ્તીથી શરીરસંભોગ કરેલાનું જણાવેલ અને ચતુર્દિશા લખવામાં આવેલ.

(૨૧.૨) સદર સાહેદે ઊલટતપાસમાં તૈયાર પંચનામાં સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. પોલિસે પંચનામું લખતી ગઇ હોય અને નકશો બનાવેલ હોય તે બાબતનો તેઓએ ઈન્કાર કરેલ છે. તેઓ પંચનામા દરમ્યાન

પોલિસ સાથે રહેલા નહીં. આ સાહેદ જણાવે છે કે, આરોપીઓએ મયુર અને ભોગ બનનારના લગ્ન થવા દીધેલ નહીં. આ સાહેદે સ્વીકારેલ છે કે, પંચનામામાં સહી કરેલી, તે સિવાય પોલિસે તેઓનો કોઇ જવાબ લીધેલ નહીં. આ સાહેદના પંચાયતમાં જતા પહેલા ખબર પડેલી કે, મયુરના પરિવારને મયુર અને ભોગ બનનારના સંબંધની ખબર પડી ગયેલી. આ અંગેની ખબર તેઓના ભાઇ પ્રકાશભાઈએ પંચાયતના એક હપ્તા પહેલા જાણ કરેલી. પંચાયત સમયે ભોગ બનનારને ચાર–પાંચ માસનો ગર્ભ હતો. આ સાહેદ જણાવે છે કે, આ કામના આરોપીઓએ ભોગ બનનાર અને મયુરના લગ્ન થવા દીધેલ નહીં. આરોપીઓએ ભોગ બનનારને લઇ જવા માટે ના પાડતાં આ કેસ કરવામાં આવેલ.

(૨૧.૩) આમ, સદર સાહેદનો પુરાવો જોતાં એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આરોપી મયુરે લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સાથે શરીરસંભોગ કરતાં ભોગ બનનારને ગર્ભ રહી ગયેલ, જે અંગેની ખબર આ કામના આરોપીઓને ન હતી. આ અંગેની બધાને ખબર પડેલ ત્યારે આરોપી મયુરે ભોગ બનનારને જણાવેલ કે, તે નોકરી કરશે ત્યારે લગ્ન કરશે. બંને પક્ષના પરિવારજનો તથા ગામના આગેવાનોએ ભેગા થઇ સમાધાન કરેલું અને આરોપી કાંતુભાઇએ ભોગ બનનારને લઇ જવાની તૈયારી પણ બતાવેલી અને ભોગ બનનાર આરોપીઓને ત્યાં ત્રણ માસ રોકાયેલી અને ડિલીવરીનો સમય થતાં પિયર આવેલ. ડિલીવરી સમયે આરોપી કાંતુભાઇ રાઠોડ હોસ્પિટલ ગયેલા અને આરોપી કાંતુભાઇ ભોગ બનનારના લગ્ન મયુર સાથે થયેલ ન હોવા છતાં પણ પોતાના ઘરે લઇ ગયેલા. ભોગ બનનારે જે સંતાનને જન્મ આપેલ તે પોતાનું ન હોવાનું આરોપી મયુરે જણાવેલ અને આ તકરાર અંગે સમાધાનના પ્રયત્નો નિષ્ફળ જતાં આરોપી મયુરે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ. આ સાહેદની જુબાની જોતાં તેઓએ ઊલટતપાસમાં જણાવેલ છે કે, આરોપીઓ વિરૂદ્ધ હાલનો કેસ એટલા માટે કરેલ કે, આરોપીઓએ ભોગ બનનારને લઇ જવાની ના પાડેલ હતી, પરંતુ ભોગ બનનાર અને આ સાહેદની જુબાની ધ્યાને લેતાં ભોગ બનનારને લઇ જવાની તૈયારી આરોપીઓએ દર્શાવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવે છે

અને ભોગ બનનાર જે સમય દરમ્યાન મયુરના ઘરે રહેવા માટે ગયેલ, તે સમયગાળામાં આરોપીઓએ ભોગ બનનારને કોઇ ધાકધમકી આપેલ હોય કે મયુર અને તેણીના લગ્ન માટે ના પાડી હોય તેમ જણાઇ આવતું નથી. આરોપી મયુરે ભોગ બનનારને જન્મ આપેલ સંતાન પોતાનું ન હોવાનું જણાવેલ તે અંગે તકરાર થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આરોપીઓએ ભોગ બનનારને લઇ જવાની ના પાડેલ હોવાથી હાલનો કેસ તેઓ સામે કરવામાં આવેલ છે. આ સાહેદના પુરાવામાં આરોપીઓ સંબંધે વિરોધાભાસી હકીકતો જણાતી હોવાથી તેઓનો પુરાવો વિશ્વસનીય અને માનવાલાય જણાતો નથી.

(૨૨) આંક : ૧૯, આંક : ૨૦ તથા આંક : ૨૩ થી આંક : ૨૮ સુધીના સાહેદો એ ભોગ બનનારના માતા, પિતા, કાકા, કાકી અને બહેનો છે, એટલે કે ભોગ બનનારના સંબંધી સાહેદો છે. આ તમામ સાહેદોના પુરાવાને સંયુકત રીતે જોવામાં આવે તો, ભોગ બનનારને પેટમાં દુઃખાવો થતાં હોસ્પિટલ લઇ જવામાં આવતાં તેણીને ગર્ભ હોવાની જાણ થયેલ. આરોપી મયુર થકી ગર્ભ રહેલ હોવાનું ખુદ ભોગ બનનારે જણાવેલ. આ સાહેદોએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગ બનનાર અને આરોપી મયુરના પ્રેમસંબંધની તેઓને જાણ ન હતી અને આ બાબતની સૌ પ્રથમ જાણ આ સાહેદોને જયારે ભોગ બનનાર ગર્ભવતી થયેલ ત્યારે થયેલી. અલબત્ત, હાલના આરોપીઓએ એટલે કે મયુરના માતાપિતાને પણ આ બંનેના સંબંધની જાણ તે જ સમયે થયેલી. ભોગ બનનારને અપનાવવાની તથા લગ્ન કરાવવાની આરોપીઓએ ના પાડેલ. ત્યાર બાદ ભોગ બનનારને આરોપીઓ લઇ ગયેલા અને ત્રણ માસ ત્યાં રહેલ અને પ્રથમ ડિલીવરી હોવાથી પિયર લાવવામાં આવેલ અને ભોગ બનનારે એક પુત્રને જન્મ આપેલ. ડિલીવરી બાદ હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ આરોપી મયુર ભોગ બનનારને મળવા આવેલ નહીં અને લઇ જવાની ના પાડી આ છોકરું પોતાનું નથી તેમ જણાવેલ. આ અંગે મહિલા મંડળમાં પ્રકરણ થતાં મહિલા મંડળ સમક્ષ પણ આરોપીઓએ ભોગ બનનારને લઇ જવાની ના પાડેલી. આરોપી મયુરે જણાવેલ કે, તેઓ જયારે કામધંધો કરશે ત્યારે ભોગ બનનારને લઇ જશે અને ઘણો સમય રાહ જોવા છતાં ભોગ બનનારને લઇ ન જતાં આ કામની ફરિયાદ

કરવામાં આવેલ અને ત્યાર બાદ આરોપી મયુરે ગળે ફાંસો ખાઇ લીધેલ. આ સાહેદોની ઊલટતપાસમાંથી એવી હકીકત જણાઇ આવે છે કે, ભોગ બનનારને ગર્ભ રહ્યો તે પહેલા આરોપી મયુર અને ભોગ બનનારના સંબંધની જાણ ફરિયાદીને કે આરોપીઓને ન હતી. ભોગ બનનારને ગર્ભ રહ્યા બાદ આરોપીઓ સાથે મિટિંગ કરવામાં આવેલ. આ મિટિંગ પહેલા આરોપીઓને મયુર અને ભોગ બનનારના સંબંધ અંગે કશી ખબર ન હતી. આ સાહેદોના પુરાવામાંથી એટલી જ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આરોપી મયુર અને ભોગ બનનારના લગ્ન કરાવવાની આરોપીઓએ ના પાડેલી. પુત્ર કોઇ છોકરી સાથે પ્રેમ કરે અને તેઓના પ્રેમસંબંધથી છોકરી ગર્ભવતી બને અને ત્યાં સુધી તેઓના સંબંધની માબાપને જાણ ન હોય અને ત્યાર બાદ અચાનક આ સંબંધની ખબર પડે તો લગ્ન માટે કે છોકરીને અપનાવવા સંબંધે પરિવારમાં તકરાર ઊપસ્થિત થાય તે એક માની શકાય તેવી બાબત છે, પરંતુ હાલના કામે જયારે મયુરે ભોગ બનનારને બીજા સાથે સંબંધ હોવાનો શક રાખી લગ્ન કરવાની ના પાડલ હોવાથી આ કામના આરોપીઓ ભોગ બનનાર અને આરોપી મયુરના લગ્ન કરાવી શકે તેવી પરિસ્થિતિમાં ન હતા તેમ જણાઇ આવે છે. વળી, આરોપીઓના પુત્રએ જણાવેલ કે, ભોગ બનનારે જન્મ આપેલ બાળક તેઓનું નથી, ત્યારે આવા કિસ્સામાં આરોપીઓ ભોગ બનનારને અપનાવવા સંબંધે વાંધો લે એ મનુષ્યના સાહજીક સ્વભાવ મુજબનું વર્તન કહી શકાય. રેકર્ડ ઉપર એ હકીકત પણ આવે છે કે, ભોગ બનનાર આરોપીઓના ઘરે ત્રણેક માસ પણ રહેલ. આ ત્રણ માસ દરમ્યાન આરોપીઓએ ભોગ બનનાર સાથે લડાઇ, ઝઘડો કરેલ હોય કે શારીરિક–માનસિક ત્રાસ આપેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી.

(૨૩) સાહેદ હરેશભાઇ બાલુભાઇ રાઠોડનો : ૨૯ નો પુરાવો, સાહેદ જીતુભાઇ દલુભાઇ રાઠોડનો આંક : ૩૦ નો પુરાવો તથા સાહેદ કીર્તિદેવ ભાણાભાઇ રાઠોડનો આંક : ૩૧ નો પુરાવો જોઇએ તો, આ તમામ સાહેદો ભોગ બનનારને ઓળખે છે, પણ ભોગ બનનાર સાથે શું થયેલું, તેણીને કોની સાથે પ્રેમસંબંધ હતો તેની આ સાહેદોને ખબર નથી. ભોગ બનનારને આરોપી મયુર સાથે પ્રેમસંબંધ હતો કે કેમ તેની તથા બનાવ અંગે

આ સાહેદોને કશી ખબર નથી. આ સાહેદો આ કામના આરોપીઓને ઓળખે છે. આરોપી મયુરે ભોગ બનનાર સાથે પ્રેમસંબંધ બાંધી તેણીને ગર્ભવતી બનાવ્યા બાદ પત્ની તરીકે રાખવાની ના પાડતાં ભોગ બનનારે ફરિયાદ કરેલ હોવાની આ સાહેદોને ખબર નથી. આ તમામ સાહેદોને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. ઊલટતપાસ જોઇએ તો, ભોગ બનનાર અને આરોપી મયુર વચ્ચેના સંબંધની કે તેઓના લગ્નજીવન અંગે આ સાહેદોને કોઇ જાણકારી નથી. આમ, સદર સાહેદોનો પુરાવો જોતાં ભોગ બનનાર અને આરોપી મયુર વચ્ચે પ્રેમસંબંધ હતો કે કેમ તેની આ સાહેદોને ખબર નથી. આ સાહેદો બનાવ અંગે કશું જાણતાં નથી. આ સાહેદોના પુરાવામાંથી આરોપીઓએ ભોગ બનનારને અપનાવવાની ના પાડી હોય અને ભોગ બનનારનો તેણીના સંતાન સાથે ત્યાગ કરેલ હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આ સાહેદો આરોપીઓને ઓળખે છે, પરંતુ આરોપી મયુર અને ભોગ બનનાર વચ્ચે શું થયેલું તે અંગે આ સાહેદો કોઇ જ હકીકત જણાવતાં નથી. આ સાહેદોના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કહી શકાય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી અને આ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને કોઇ રીતે મદદરૂપ બનતો નથી.

(૨૪) સાહેદ રંજનબેન પ્રકાશભાઇ નાયકાનો આંક : ૩૩ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ જણાવે છે કે, આરોપી મયુર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો, જે અંગે બંને પક્ષના ગામના આગેવાનોને બોલાવવામાં આવેલા અને આરોપી મયુરના કારણે ભોગ બનનાર ગર્ભવતી થયેલ હોવાનું જાણવા મળેલ અને ભોગ બનનારને અપનાવી લેવાનું ગામના આગેવાનોએ જણાવતાં આરોપી કાંતુભાઇએ ભોગ બનનારને રહેલ ગર્ભ આરોપી મયુરનો નથી તેમ જણાવતાં બોલાચાલી થયેલ અને ત્યાર બાદ આ સાહેદો પરત આવી ગયેલા. આ સાહેદને ફરિયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે. વિ. એ.પી.પી.શ્રીની ઊલટતપાસ દરમ્યાન તેઓએ પોલિસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન આપેલ છે, પરંતુ આરોપીઓ તરફેની ઊલટતપાસમાંથી એવી હકીકત જણાઇ આવે છે કે, આ સાહેદને બનાવની કોઇ જાત માહિતી નથી, આ સાહેદને ભોગ બનનાર સાથે કોઇ

વાતચીત થયેલ ન હતી. આ સાહેદ બનાવ સમયે સરપંચ હતા અને ભોગ બનનારની માતા ઊપસરપંચ હતા. આ સાહેદની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, સમાધાનના લખાણમાં આ સાહેદે, વડીલોએ તથા આગેવાનોએ સહી કરેલી. આ લખાણમાં બાળકના અને આરોપી મયુરના ડી.એન.એ. મેચ થયા બાદ ભોગ બનનારને લઈ જશે તે મુજબનું લખાણ કરવામાં આવેલ. બાળકનો જન્મ થયો અને આરોપી મયુરે આત્મહત્યા કરેલ, તે વચ્ચેના સમયગાળા દરમ્યાન ડી.એન.એ. ટેસ્ટ કરવામાં આવેલ નહીં. આમ, આ સાહેદનો પુરાવો જોતાં આ સાહેદને બનાવની કોઇ જાત માહિતી નથી. વળી, આરોપીઓએ ભોગ બનનારને લઈ જવાની ના પાડતાં ગામના વડીલો, આગેવાનો ભેગા થયેલા અને બાળક તથા આરોપી મયુરનું ડી.એન.એ. મેચ થાય તો આરોપીઓ ભોગ બનનારને લઇ જશે તે મુજબનું લખાણ કરવામાં આવેલું. આરોપી મયુરે બાળક પોતાનું ન હોવાની તકરાર ઊભી કરેલ, જે અંગે થયેલ મિટિંગમાં સમાધાન થયેલ, તેથી આ સમાધાનનું લખાણ ખૂબ જ મહત્વનું કહી શકાય, પરંતુ આ સમાધાનનું લખાણ ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ નથી. આ સાહેદના પુરાવા મુજબ ડી.એન.એ. મેચ થયા બાદ ભોગ બનનારને ઘરે લઇ જવાની તૈયારી આરોપીઓએ દર્શાવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાઇ આવે છે.

(૨૫) ડૉ. ભાવેશભાઇ ઉત્તમભાઇ પટેલનો આંક : ૩૪ નો પુરાવો જોઇએ તો, આ સાહેદ બનાવ સમયે બારડોલી સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઓફિસર તરીકે ફરજ ઉપર હતા ત્યારે ભોગ બનનારને પોલિસવાળા આંક : ૩૫ ની યાદી સાથે તપાસ અર્થે લાવેલા. આ સાહેદના પુરાવા મુજબ ભોગ બનનારની ડિલીવરી તારીખ : ૧૯/૦૮/૨૦૧૮ ના રોજ ભોગ બનનારે એક બાળકને જન્મ આપેલ. ભોગ બનનારનું હાઇમન ફેટલ હતું, ઇરરેગ્યુલર હતું. તેણીના શરીર ઉપર ઈજા ન હતી. આરોપી મયુર રાઠોડનાઓ ગુજરી ગયેલ હોવાથી તેમના કોઇ સેમ્પલ લઇ શકાયેલા નહીં. પોલિસ દ્વારા ડી.એન.એ. સેમ્પલનો રિપોર્ટ ડુપ્લીકેટ કોપીમાં લાવવામાં આવેલ, જેમાં આરોપી મયુર રાઠોડને ભોગ બનનારે જન્મ આપેલ બાળકના પિતા તરીકે તથા ભોગ બનનારને માતા તરીકે ઓળખવામાં આવેલા હતા. આ સાહેદે

આંક : ૩૬ નું સર્ટીફીકેટ આપેલું. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં તેઓએ ભોગ બનનારની તપાસ કરેલી, જેમાં ભોગ બનનારના શરીર ઉપર કોઇ ઈજાના નિશાન જણાઇ આવેલા નહીં. ભોગ બનનારનું હાઇમન તૂટેલ હતું અને તેણીએ એક પુત્રને જન્મ આપેલ હતો. ડી.એન.એ. રિપોર્ટ મુજબ બાળકના પિતા આરોપી મયુર રાઠોડ હતા અને માતા ભોગ બનનાર હતા.

(૨૬) પોલિસ સાહેદોનો પુરાવો જોઇએ તો, આંક : ૩૭ ના સાહેદ કિરણભાઇ ઘલાભાઇ બામણીયાનાઓ બનાવ સમયે બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદીની ફરિયાદ રજીસ્ટર થવા આવતાં તેઓએ હાલનો ગુનો નોંધી તપાસ પી.આઇ. શ્રી એન. એચ. ચૌહાણનો સુપ્રત કરેલી. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૩૮ થી સૂચિપત્ર તથા આંક : ૩૯ થી સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ રજૂ થયેલ છે. આમ, સદર સાહેદે ફરિયાદ આધારે ગુનો દાખલ કરવા પૂરતી જ કામગીરી કરેલ છે.

(૨૭) આંક : ૪૩ ના સાહેદ ભરતકુમાર કિશોરભાઇ પટેલે તપાસ દરમ્યાન ભોગ બનનારનું, તેણીના બાળકનું તથા આરોપી મયુર રાઠોડનું ડી.એન.એ. સેમ્પલ લેવડાવવા માટે કાર્યવાહી કરેલી અને આ સેમ્પલ તેઓએ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૪૪ થી આંક : ૪૬ સુધી આઇડેન્ટિફીકેશન ફોર્મ ફોર ડી.એન.એ. પ્રોફાઇલિંગ તથા આંક : ૪૭ થી એફ.એસ.એલ. કચેરીને લખેલ યાદી રજૂ થયેલ છે. આ સાહેદની ઊલટતપાસમાંથી એ હકીકત જણાઇ આવે છે કે, આરોપીઓનો દીકરી મયુર અવસાન પામ્યા હાદ હાલનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આમ, સદર સાહેદે ડી.એન.એ. સેમ્પલ લેવડાવી એફ.એસ.એલ.માં મોકલવા સંબંધેની કામગીરી કરેલ છે, તે સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી.

(૨૮) સદર ગુનાની તપાસ આંક : ૪૯ ના સાહેદ નયન સુરેશભાઇ ચૌહાણે કરેલી. આ સાહેદનો પુરાવો જોઇએ તો, આ સાહેદ બારડોલી પોલિસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદીએ તેઓ રૂબરૂ ફરિયાદ હકીકત લખાવતાં ફરિયાદ લખી લઇ ગુનો દાખલ કરાવવાની કાર્યવાહી કરેલી અને સદર ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવેલી. તપાસ દરમ્યાન આ સાહેદે

લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ભોગ બનનારની મેડિકલ તપાસ કરાવેલી, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, આરોપી મયુરે આપઘાત કરેલ હોવાથી અકસ્માત મોત નોંધાયેલ, જેની તપાસના કાગળો કામમાં સામેલ રાખેલા, ફરિયાદીનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવડાવવા તજવીજ કરેલી, આરોપીઓને અટક કરેલા અને તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ચાર્જશીટ કરેલું. આ સાહેદની જુબાની દરમ્યાન આંક : ૫૦ થી એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર, આંક : ૫૧ થી એફ.એસ.એલ.નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ, આંક : ૫૨ થી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ તથા આંક : ૫૩ થી આરોપી મયુરના મરણનો દાખલો રજૂ થયેલ છે. આ સાહેદની ઊલટતપાસમાંથી જણાઇ આવે છે કે, આરોપી મયુરભાઇ મરણ ગયા બાદ આ કામની ફરિયાદ દાખલ થયેલી. આ સાહેદ સ્વીકારે છે કે, ડિલીવરી બાદ ફરિયાદી આરોપીઓના ઘરે રહેવા જવા માંગતા હતા, પણ આરોપી મયુરે ના પાડેલી. અકસ્માત મોતના કામે બાળક, ભોગ બનનાર તથા તમામ આરોપીઓના બ્લડ સેમ્પલ લેવામાં આવેલા.

(૨૮.૧) આમ, સદર સાહેદે તપાસ દરમ્યાન જે કાર્યવાહી કરેલી તેને સમર્થન પ્રાપ્ત થાય તે મુજબનો પુરાવો આપેલ છે. આ સાહેદનો પુરાવો જોઇએ તો તેઓએ ફરિયાદીની ફરિયાદ લેવાથી માંડીને ચાર્જશીટ દાખલ કરવા સુધીની કામગીરી કરેલ છે, જેને આ સાહેદના પુરાવાથી સમર્થન મળે છે. આ સાહેદના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, આ કામના ફરિયાદી ડિલીવરી બાદ આરોપીઓના ઘરે રહેવા જવા માંગતા હતા, પરંતુ મરણ ગયેલ આરોપી મયુરે ના પાડેલી. આ સાહેદે એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, આરોપી મયુર અને ભોગ બનનાર વચ્ચેના પ્રેમસંબંધની આ કામના આરોપીઓને જાણ ન હતી.

(૨૯) સદર કામે આંક : ૫૧ થી એફ.એસ.એલ.નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ રજૂ થયેલ છે. સદર અહેવાલ ધ્યાને લઇએ તો, ભોગ બનનારે જન્મ આપેલ બાળકના જૈવિક પિતા મરણ ગયેલ આરોપી મયુર રાઠોડનાઓ હોવાનું જણાઇ આવે છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં

આ કામના આરોપીઓના પુત્ર મયુરભાઇ રાઠોડ કે જેઓ મરણ ગયેલ છે, તેઓ ભોગ બનનારે જન્મ આપેલ બાળકના જૈવિક પિતા હોવાની હકીકત પૂરવાર થાય છે.

(૩૦) ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં આરોપી મયુર અને ભોગ બનનાર વચ્ચે પ્રેમસંબંધ ચાલી આવેલ, આરોપી મયુરે ભોગ બનનાર સાથે શરીરસંભોગ કરતાં તેણી ગર્ભવતી થયેલ અને તેણીએ એક પુત્રને જન્મ આપેલ હોવાની હકીકત પૂરવાર થાય છે. આરોપી મયુરે ગળે ફાંસો ખાઇ આપઘાત કરેલ, જે અંગે અકસ્માત મોત નંબર : ૨૧/૨૦૧૯ નોંધાયેલ, જે અંગે કોઇ તકરાર ઊપસ્થિત કરવામાં આવેલ નથી. રજૂ થયેલ પુરાવાઓથી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનારને ગર્ભ રહેલ ત્યારે તેણી આરોપીઓને ત્યાં ત્રણેક માસ રહેલ. આ સમયગાળા દરમ્યાન આ કામના આરોપીઓએ ભોગ બનનારને મ્હેણાં ટોણાં માર્યા હોય, શારીરિક–માનસિક ત્રાસ આપેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વળી, ભોગ બનનારે જે બાળકને જન્મ આપેલ તે બાળક પોતાનું નથી તેવું આરોપી મયુરે જણાવતાં તકરાર ઊપસ્થિત થયેલ હોવાનું જણાઇ આવે છે અને આ અંગે ગામના આગેવાનો, વડીલો ભેગા થયેલા અને સમાધાન અંગે લખાણ કરવામાં આવેલ. રેકર્ડ ઉપર એ હકીકત પણ આવે છે કે, ડી.એન.એ. પરીક્ષણ દરમ્યાન જો બાળક આ કામના આરોપીઓના મયુર રાઠોડનું હોવાનું જણાય તો આરોપીઓ ભોગ બનનારને લઇ જવા તૈયાર હતા. સદર કામે આ સમાધાનના લખાણની નકલ રજૂ કરવામાં આવેલ નથી. ભોગ બનનારને લઇ જવા સંબંધે સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. ભોગ બનનારના પુરાવાથી એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, તેણી ત્રણ માસ મયુરને ત્યાં રહેલ ત્યારે આરોપીઓએ તેણીને કોઇ ધમકી આપેલ ન હતી અને તેણી પોતાની મરજીથી આરોપીઓને ત્યાં રહેવા ગયેલ. વળી, ભોગ બનનાર અને આરોપી મયુર અલગ રૂમમાં સાથે સૂતા હતા, જેની જાણ આરોપીઓને હતી અને તે માટે આરોપીઓની સંમતિ પણ હતી. તપાસનીશ અધિકારીનો પુરાવો જોતાં એ હકીકત રેકર્ડ ઉપર આવે છે કે, ભોગ બનનાર ડિલીવરી બાદ આરોપીઓને

ત્યાં રહેવા માંગતા હતા, પરંતુ આરોપી મયુર રાઠોડનાઓએ ના પાડેલી તેવી હકીકત તપાસ દરમ્યાન ખુલવા પામેલી. આ કામના આરોપીઓએ ના પાડી હોય તેવું તપાસ દરમ્યાન ખુલવા પામેલ તેવું તપાસનીશ અધિકારીનું કહેવું નથી. આમ, રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતાં આરોપીઓએ ભોગ બનનારને અપનાવવાની ના પાડી બાળક સાથે તેણીનો ત્યાગ કરેલ હોય તેવી હકીકત નિઃશંકપણે પૂરવાર થઇ શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આરોપીઓ (૧) કાંતુ ઉર્ફે કાંતીલાલ બાલુભાઇ રાઠોડ તથા (૨) શીલાબેન કાંતુ ઉર્ફે કાંતીલાલ રાઠોડનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એચ)(એન), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૩ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૩/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594